| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૧૦/૧૦/૨૦૨૨ |
| રજી. તારીખ | :– ૧૦/૧૦/૨૦૨૨ |
| નિકાલ તારીખ | :– ૨૫/૦૧/૨૦૨૩ |
| સમયગાળો | :– વર્ષ – માસ – દિવસ |
| | ૦૦ – ૦૩ – ૧૫ |

આંક:– ૧૨/બી

**મે. સાતમાં અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : અંજાર–કચ્છ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૩૮૩/૨૦૨૨.**

**હેતલબેન ડો./ઓ. હરેશભાઈ ઠકકર,**

ઉ.વ. ૨૬ આ., ધર્મે: હિન્દુ, ધંધો: ઘરકામ,

રહેવાસી : મકાન નં. ૧૫૫, રાધાનગર,

મેઘપર (કુંભારડી),

તા. અંજાર–કચ્છ. ..... ..... ..... ..... .....અરજદાર

વિરૂધ્ધ

**ધર્મેશ રામજી ટાંક,**

ઉ.વ. ૩૦ આ., ધર્મે: હિન્દુ, ધંધો: મજુરી,

રહેવાસી ગામ: મોટી નાગલપર,

તા. અંજાર–કચ્છ. ..... ..... ..... ..... .....સામાવાળા

બાબત :- ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૪૩૯(૨) મુજબ નામ. શ્રી એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રી અંજારના ફોજદારી પરચુ. અરજી નં. ૧૮૧/૨૦૨૨ ના કામે જામીનની શરતોનો ભંગ થયેલ હોઈ જામીન રદ થવા બાબતની અરજી.

અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.જે. સોનપાર

સામાવાળા તરફે વિ.વ. કોમલબેન ડી.જેઠવા.

**-: હુકમ :-**

(૧) આ કામે અરજદાર તરફે વિ. વકીલશ્રી એચ.જે.સોનપાર તથા સામાવાળા તરફે વિ.વ. કોમલબેન ડી. જેઠવા તથા સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી પંડયાને સાંભળ્યાં.

(૨) અરજદાર હેતલબેન હરેશભાઈ ઠકકરે ફોજદારી પરચુરણ અરજી નં. ૩૮૩/૨૦૨૨ ના કામે આરોપીને અંજાર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૮૫/૨૦૧૪ હેઠળ શરતી જામીન તા. ૨૭/૭/૨૦૨૨ ના રોજ ફોજદારી પરચુરણ અરજી નં. ૧૨૭/૨૦૨૨ ના કામે આપવામાં આવેલ છે તેની શરત નં. ૧ નો આરોપીએ ભંગ કરેલ છે અને અંજાર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૯૭૯/૨૦૨૨ માં ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૭ હેઠળ ફરિયાદીને હાથની કોણી નીચે છરી મારેલ અને કાંડા પાસે હાથ ઉપર પણ ઈજા કરેલ અને ધમકી આપેલ કે કેસ પાછો ખેંચી લે નહીંતર જાનથી મારી નાખીશ, એમ કહી છરી મારી નીકળી ગયેલ. જેથી ફરિયાદપક્ષે આરોપી હેબીચ્યઅલ ઓફેન્ડર હોય અને માનસિક સ્થિતિ ધરાવતો હોય જામીન રદ કરવા માંગણી કરેલ છે. આ કામે ભોગ બનનારે અંજાર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૨૭૧/૨૦૧૪ ના કામે આપવામાં આવેલ જામીન તથા અંજાર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૮૫/૨૦૧૪ ના કામે આપવામાં આવેલ જામીન, એમ બન્ને ગુનાના જામીન રદ કરવા માંગણી કરેલ છે. જે અંગે બે ફોજદારી પરચુરણ અરજી નં. ૩૬૧/૨૦૨૨ અને હાલની અરજી કરેલ છે. આરોપી વિરૂધ્ધ ત્રણ ગુના આચરાયેલ હોય આગલા બન્ને ગુના રદ કરવા માંગણી કરેલ છે.

આગલા બે ગુના પોકસો એકટ હેઠળ ૨૦૧૪ ની સાલમાં દાખલ કરવામાં આવેલ ત્યારપછી અંજાર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૯૭૯/૨૦૨૨ થી ફરિયાદી પ્રત્યે કેસો ખેંચી લેવા ધમકી આપ્યાની અને છરી માર્યાનો ગુનો દાખલ થયેલ છે. જેથી આગલા બન્ને ગુનાના જામીન રદ કરવા માંગણી કરેલ છે. પરંતુ, આગલો ગુનો ગણો જુનો છે અને તે ગુનામાં આરોપીને જામીન મુકત કરેલ છે અને આરોપીએ પોતાનું સોગંદનામું રજુ કરેલ છે તે ફરિયાદીને હવે પછી કયારેય સંપર્ક કરશે નહી અને તેના વિસ્તારમાં પ્રવશ કરશે નહી, જેથી સોગંદનામામાં બાંધેધરી આપતા જામીન રદ કરવાની માંગણી કેસની હકીકતો ધ્યાને લેતા રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫, માહેઃ જાન્યુઆરી, સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-

અંજાર-કચ્છ.
તારીખ: ૨૫/૦૧/૨૦૨૩

**( પી.એસ. જોશી )**
સાતમાં અધિક સેશન્સ જજ,
અંજાર-કચ્છ
યુ.આઈ. કોડ નં. જીજે-૦૦૩૨૫

(હરેશ પરમાર, ગુજ. સ્ટેનો.)